

# સમય એક દિવસ માણસને મશીન બનાવીને જંપશે!

આજે શરદપૂનમ છે અને થોડા દિવસો પછી દિવાળીના દિવસો ચાલુ થઈ જશે અને નવું વર્ષ પણ બેસશે. સમય તો અહર્નિશ રઝળપાટ કરતા મહેમાન જેવો છે. 'મેહમાન કબ રૂકે હૈં કિ રોકે જાયેંગે! -સબેરેવાલી ગાડી સે ચલે જાયેંગે!' સાધુ તો ચલતા ભલા અને સમયથી મોટો સાધુ આ બ્રહ્માંડમાં થયો નથી કે થવાનો નથી...આપણો લોકપ્રિય મણિયારો કવિ ગાઈ વગાડીને કહી ગયો છે:

*હવે એ હાથ રહ્યું ના હેમ!*
*મળ્યું સમયનું સોનું, વાવર્યું ફાવે તેમ!*

સમય પહાડી પ્રદેશના પવન જેવો છે. સતત સુસવાટા અને ઘુઘવાટા મારતો વહ્યા કરે છે. અંગ્રેજી કહેવતમાં સમયને સમુદ્રની ભરતી સાથે સરખાવ્યો છે: 'ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફોર નન!' એ ભલભલા રાજરાજેશ્વરની પણ રાહ જોતો નથી. એનો સ્વભાવ છે સતત આગળ વધવું અને તે પણ પોતાની આદિ અનાદિકાળથી સુનિશ્ચિત ગતિએ. એને કોઈ શું કહેશે કે કેવો ચીતરશે એની લેશ પણ પરવા નથી. એ કોઈની સાડાબારી રાખતો નથી. ઈશ્વરની સુધ્ધાં નહીં. એ સુપ્રીમથી પણ ઉપરની સુપ્રીમનો શાશ્વત ન્યાયમૂર્તિ છે. 'સમય બડા બલવાન' કહી ભલભલા ભગવાનોએ પણ એની સામે હાર કબૂલી લીધી છે. 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે' પણ સમય તો અગાઉથી બધું જ જાણતો હતો. એને માટે રામના રાજ્યાભિષેકનું કોઈ જ મહત્ત્વ નહોતું. ઉઠાવીને ઘોર જંગલમાં પધરાવી દીધા અને ફરી પાછા શાંતિથી 'રામરાજ્ય' ચલાવી રહ્યા હતા ત્યારે ઊંચકીને સરયૂમાં ફંગોળી દીધા, એક હરફ પણ ઉચ્ચાર્યા વિના મર્યાદા પુરુષોત્તમે એની આણ સ્વીકારી લીધી હતી. મહાભારાડી મામાએ પોતાને મારી નાખવા મોકલી આપેલા બધા રાક્ષસો અને મલ્લોને ભોંયભેગા કરનાર કુરુક્ષેત્રના સુપરસ્ટાર કૃષ્ણને થોડી ખબર હતી કે કોઈ અજાણ્યા પારધિના બાણે વીંધાઈ સાવ વેરાન વનવગડામાં મરી જવાનું છે! સમયે એવા હાજરાહજૂર પરમેશ્વરોની શેહ ના ભરી હોય ત્યાં આપણા જેવાં મામૂલી મીણ માટીનાં પૂતળાંનો તો એને મન શો હિસાબ હોય! ઈશ્વરે આંખો આપી છે એટલે એને પણ નહીં ગાંઠનાર સમય જે કંઈ સારું નરસું દેખાડશે એ ગમે કે ના ગમે છતાં જોવું જ રહ્યું.

મારી સાથે SSC પાસ થયેલા મધ્યમ કક્ષાના વિદ્યાર્થીઓ આજે મોટા બિલ્ડર કે બિઝનેસમેન છે. એ પૈકી ઘણાના બાપાઓ પાસે ગામડામાં ઈંટચૂનાનું પાકું મકાન નહોતું એ નરી આંખે જોયું છે. નળિયાવાળા ખોરડાંમાં વળી ડ્રોઈંગ રૂમ કેવા અને વોશરૂમ કેવા! બધા બંજર જમીનમાં કે જુવાર બાજરીના મોલ વચ્ચે ઊંધું ઘાલીને કળશિયે જતા. મારી સાથે MBBS થયેલા મારા સમોવડિયા અમેરિકામાં કાર્ડિયોલોજિસ્ટ કે યુરોલોજિસ્ટ અને હાર્ટ સર્જરીના તજજ્ઞ તરીકે સ્થાપિત થઈ લાંબી સેવાઓ આપી નિવૃત્ત જીવન ગાળે છે.

અબ્રાહમ મેસ્લોની થિયરી બરાબર સમજીએ તો કિસ્મત કરતાં સમયની સાથે બાથ ભીડીને પરિવારની કે સલામતીની સીડીઓ કૂદીને સીધા આત્મસન્માન અને આત્મબોધનાં સોપાનો સર કરવાની એમની ઝંખના અને એ ઊંચેરાં સોપાનો પર ટકી રહેવાની ક્ષમતા જ આવી અપ્રતિમ સિદ્ધિ માટે કારણભૂત લાગશે. માણસ સડસડાટ છેક આત્મબોધના પાંચમા પગથિયે પહોંચીને ક્યારેક તો બેહોશ બની જાય છે.અચાનક એ લપસીને છેક પહેલા પગથિયે પટકાઈ આખી જિંદગીનું કર્યું કારવ્યું ધૂળધાણી કરી મૂકે છે. ઘણા મહાપુરુષો અને પહોંચેલા સિદ્ધ સંતમહાત્માઓની આવી દુર્દશાથી ઈતિહાસનાં પાનાં ખરડાયેલાં છે.

અબ્રાહમ મેસ્લોએ જીવની ઊર્ધ્વગામી ગતિનાં પાંચ પગથિયાં વર્ણવ્યાં છે. સૌથી નીચેનું પગથિયું છે શરીરની

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

પાયાની જરૂરિયાતોઃ ભૂખ, તરસ, ઊંઘ અને સેક્સ. એ પછી આવે છે સુરક્ષા-જીવવા માટે જરૂરી ગણાય એવી સલામતીની ભાવના. પછીના પગથિયે પરિવાર આવે છે. કીડીથી કુંજર સુધી બધા જીવો આ ત્રણ સોપાનો સુધી સમાન છે. પરંતુ એ પછીનાં બે સોપાન માણસની સાચી ઓળખ છે. આત્મસન્માન પ્રાણીઓમાં પણ હોય છે. એમને પણ કોઈ લાડ લડાવે, વખાણે, પંપાળે એ ગમે છે. ખેડૂતો હવે તો આધુનિક પદ્ધતિથી ખેતી કરતા થયા છે પરંતુ એમની આગળની પેઢીઓના વડીલો બળદોને હળે જોડતા. બળદોને ઘરના સભ્યો જેવાં જ માનપાન મળતાં. સામે એ મૂંગા જીવો માલિકની ઈચ્છા મુજબ હોંશભેર

> **સમયે એવા હાજરાહજૂર પરમેશ્વરોની શેહ ના ભરી હોય ત્યાં આપણા જેવાં મામૂલી મીણ માટીનાં પૂતળાંનો તો એને મન શો હિસાબ હોય!**

ખેતર ખેડવાથી માંડી ગાડાંમાં જોતરાઈ એમને સોંપાયેલી ફરજ બજાવતા. એવું જ ઘોડા, ગધેડા અને ગાય ભેંસ માટે કહી શકાય. ગામાઉ પાડો કે ખૂંટ થાકી ગયો હોય તો પણ એની પાસે ગર્ભાધાન માટે લાવવામાં આવેલ ભેંસ કે ગાયને નિરાશ ન કરતો. આ બધું આ જ ઈઠોતર વર્ષ જૂની આંખે નજરે જોયું છે.

સમય સાથે માણસે પણ પોતાની જાતને ઢાળવી જ રહી. એ સિવાય એ સ્પર્ધાની દુનિયામાં ટકી નહીં શકે. કુદરત હજી સુધી એની કટ્ટર હરીફ બની ગયેલી માનવજાત પર મહેરબાન છે. એને નવી પરિસ્થિતિ સાથે ગોઠવાઈ જવામાં એ મદદરૂપ થતી રહે છે. પોતે જનેતાની જેમ એનાં ખૂંદ્યાં ખમે છે. એને નવાં સમીકરણો સાથે સેટ થવા દે છે. એની ઉદારતાની કદર કરવી તો બાજુએ રહી, માનવી તો એને લોહીઝાણ ઘા જ ઝીંકતો રહ્યો છે. એણે ફક્ત પ્રકૃતિને જ પજવી છે એવું નથી. એણે પરંપરાઓનો પણ કચ્ચરઘાણ વાળી સંસ્કૃતિ સાથે પણ માફ ના કરી શકાય એવી છેડછાડ કરી છે. નવરાત્રી કેવી હતી અને કેવી થઈ ગઈ છે એ જરા ગંભીરતાપૂર્વક વિચારવા જેવું નથી લાગતું? શું હવે એ અગાઉ જેવું શુદ્ધ 'આરાધના' પર્વ રહ્યું છે ખરું? બધા જાણે છે કે હવે ઉત્સવપર્વોનું ઔદ્યોગીકરણ થઈ ગયું છે અને આપણે એ હરખભેર સ્વીકારી લીધું છે. હવે ભક્તિ પણ એક પ્રકારનો ધંધો બની ગઈ છે. કથાકારો રીતસર કોઈ અંબાણી કે અદાણીની હરીફાઈ કરતા હોય એવા વિશાળ વાતાનુકૂલિત ડોમ બનાવી રામ કે કૃષ્ણના નામની આંતરરાષ્ટ્રીય ઈવંટ યોજે છે.

યાદ આવે છે એ દિવસો જ્યારે ટપાલ ક્યારે આવે એની રાહ જોઈ રહેલી આંખો શેરીમાં થતા પગરવનું પગેરું લેતી રહેતી. મારા અંતરિયાળ ગામમાં પણ સવાર સાંજ બે વખત ટપાલ વહેંચાતી હતી. કાગળ આવે એટલે જાણે લોટરી લાગી હોય એવો રોમાંચ થતો. બધા ઉત્સુકતાપૂર્વક કોનો કાગળ છે, શું નવાજૂની લખી છે એ જાણવા કાન માંડીને બેસી જતાં અને કાગળ આખા પરિવાર તથા પાડોશીઓની સહિયારી સંપદા બની જતો. પ્રાઈવસીનો ખ્યાલ જ પશ્ચિમ તરફથી પ્રાપ્ત થયેલો મીઠો અભિશાપ છે. અગાઉ ટપાલી દેવદૂત જેવો લાગતો. ત્યારે ઓનલાઈન કશું જ નહોતું. ટપાલ આવે ત્યારે આખો પરિવાર ગૌરવ અનુભવતો. હા, ક્યારેક એવો કાગળ પણ આવી પડતો જેના મથાળે આવું કંઈક લખેલું હોય;

'લૂગડાં ઉતારીને વાંચજો...'એ વાક્ય વાંચતાં સાથે ઘરમાં રોકકળ મચી જતી કારણ કે તે કથન કોઈ સગાની અંતિમ વિદાયના સમાચાર સૂચવતું. તારની સગવડ બધાં ગામડાંમાં નહોતી. તાલુકા મથકની પોસ્ટ ઓફિસમાં જઈને તાર કરવો પડતો. મૈયતને અગ્નિ સમર્પિત કરી ડાઘુ નાહીધોઈ ચોકમાં ભેગા થતા અને પછી આવી 'કાળોતરી'નું જાહેરમાં ડ્રાફ્ટિંગ થતું. સગાં સંબંધીઓનો એમની મૃતકના પરિવાર સાથેની નિકટતા મુજબ નામોલ્લેખ કરી છેલ્લે કુટુંબ સમસ્ત કે ગામ સમસ્ત જેવા શબ્દો મૂકી કાગળનો અંત 'જાયું તે જવાનું છે' અથવા 'ભગવાનને ગમ્યું તે ખરું' જેવી શ્રદ્ધાસૂચક લીટી ઉમેરી લખનાર કુટુંબના મોભીના 'રામ રામ' સાથે પત્રની પૂર્ણાહુતિ થતી. લોકાચાર માટે કોઈ નક્કી દિવસ નહોતો રખાતો. બાઈ માણસનું મૃત્યુ થયું હોય તો એનું પિયર કાગળ પહોંચતાંની સાથે સંખ્યાબંધ લોકોને લઈ બીજા દિવસે જ ઊમટી પડતું.ત્યારે પચાસ સાઠ માઈલ દૂરથી સગાના ગામમાં પહોંચવા કોઈ આરામદાયક લક્ઝરી બસો નહોતી. ટ્રકોમાં વર જાન લઈને પરણવા આવતો અને ટ્રકોમાં જ મોત પછી લોકો કાણ મોંકાણ કે લોકાચાર માટે ઉમટતા.

સમય સાથે ટપાલ ગૌણ બની ગઈ છે અને વિદેશથી કાગળ આવતાં પખવાડિયું કે મહિનો નીકળી જતો એને ઠેકાણે સમાચાર તંત્ર આપણી ફિંગર ટિપ્સ પર ઉપલબ્ધ થઈ ગયું છે. હવે તો ટેકનોલોજી માણસને વિચારવાની પણ તકલીફ લેવા નહીં દે. એને બદલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સવાળી એપ વિચારી લેશે. સમય એક દિવસ માણસને મશીન બનાવીને જંપશે એમાં કોઈ શંકાને સ્થાન નથી!

# પોતાની જ ભાષાનું અધૂરું જ્ઞાન ખોટું અર્થઘટન કરાવે છે

એવું લાગે છે કે ભારતીયોનું ભારતીય ભાષાનું જ્ઞાન ઘણું કાચું થઈ રહ્યું છે અને અર્થના બદલે અનર્થ કાઢવામાં આવી રહ્યા છે. તાજો દાખલો ઉત્તર પ્રદેશના ચેતગંજની હીરલ શ્રીવાસ્તવનો છે. હીરલ શ્રીવાસ્તવે વડા પ્રધાન મોદીને પત્ર લખી એક અપીલ કરી છે જેને મીડિયાએ 'ભાવુક અપીલ' ગણાવી છે કારણ કે વાત સ્ત્રી સંબંધી છે.

હીરલ શ્રીવાસ્તવે એવો અનુરોધ કર્યો છે કે જે રીતે વડા પ્રધાને 'વિકલાંગ' શબ્દના બદલે 'દિવ્યાંગ' શબ્દ પ્રયોજવાનું પ્રચલિત કર્યું તે જ રીતે 'સ્ત્રી એવં પ્રસૂતિ રોગ વિશેષજ્ઞ' શબ્દ બદલીને 'સ્ત્રી એવં પ્રસૂતિ સ્વાસ્થ્ય વિશેષજ્ઞ' કરવું જોઈએ કારણ કે 'રોગ' શબ્દ સ્ત્રીઓના સન્માન પર ડાઘાની જેમ ખૂંચે છે. સ્વાસ્થ્ય વિશેષજ્ઞ શબ્દ મહિલાઓને વધુ સન્માન આપશે.

આમાં આમ જુઓ તો કોઈ વાંધો નથી. સ્ત્રી રોગ વિશેષજ્ઞના બદલે સ્ત્રી સ્વાસ્થ્ય વિશેષજ્ઞ શબ્દ વપરાય તો સારું જ છે, પરંતુ જે મુદ્દે વાંધો લેવામાં આવ્યો છે તે ખોટો છે. સ્ત્રી કોઈ રોગ નથી તેવું અર્થઘટન હીરલે કર્યું છે. હીરલ શ્રીવાસ્તવ અટક પરથી કાયસ્થ લાગે છે અને અમિતાભ બચ્ચન પણ કાયસ્થ છે અને સંભવત: એવી અપેક્ષા રાખવામાં આવે કે ભાષાનું જ્ઞાન સારું હોય છે. જોકે આજે કોઈ સમુદાયના આધારે ભાષાનું જ્ઞાન સારું હશે કે ખરાબ તે કળવું અઘરું છે.

**અબીલ ગુલાલ**
**જયવંત પંડયા**

ઑવરઑલ, ભારતીયોનું જ ભારતીય ભાષાનું જ્ઞાન કથળ્યું છે. સમાસ અને સંધિનું જ્ઞાન નથી રહ્યું કારણકે ભાષા ઐચ્છિક વિષય તરીકે જ લેવામાં આવે છે. ભણાવનારા પણ તેને ગોખણપટ્ટીની રીતે ભણાવે છે. તેથી સમાસ અને સંધિ સમજાતાં નથી. દા. ત. અંગ્રેજીમાં બ્રૉમાન્સ શબ્દ છે. બે પુરુષો વચ્ચે સારી મિત્રતા હોય જે સેક્સ્યુઅલ પ્રકારની ન હોય તો તેને બ્રૉમાન્સ કહે છે. આ શબ્દ બે શબ્દોની યુતિ પરથી બન્યો છે - બ્રધર અને રૉમાન્સ. કાલે સવારે કોઈ અંગ્રેજી ભાષા ન જાણતું હોય અથવા રોમાન્સનો અર્થ એક જ કાઢતું હોય તો તે કહેશે કે ફલાણા બે સેલિબ્રિટી વચ્ચે બ્રૉમાન્સ હતો તેમ તે સમયે લખાયું હતું, તેનો અર્થ એ કે બંને 'ગે' હશે.

આ પ્રકારનું અર્થઘટન ભારતમાં થઈ રહ્યું છે. સ્ત્રી એ કોઈ રોગ નથી, પરંતુ સ્ત્રીઓના રોગ તેનો સમાસ સ્ત્રી રોગ બને છે. અહીં 'ઓ' અને 'ના'નો લોપ થયો છે. આજકાલ ટ્વિટર પર તો અક્ષરોની મર્યાદા હોવાથી, Forના બદલે 4 લખવામાં આવે છે. Tooના બદલે 2 લખવામાં આવે છે. માનો કે For India લખવું હોય અને કુલ અક્ષરોની સંખ્યા 280થી વધી જાય અને 4 India લખે તો ટ્વિટરની આવી ભાષાથી અજાણ હોય તે એમ જ માનશે ને કે ચાર ભારતની વાત છે.

એટલે આવા પત્ર લખતા પહેલાં સંદર્ભ અને ભાષાજ્ઞાન હોવું જોઈએ. વિશેષજ્ઞોને પૂછવું જોઈએ. માત્ર ફેમિનિઝમની રીતે ચમકવા માટે વડા પ્રધાનને પત્ર લખી નાખવો અને એવું અર્થઘટન કરવું કે સ્ત્રી રોગ એટલે સ્ત્રીને રોગ ગણવામાં આવી છે, તે કેટલું હાસ્યાસ્પદ છે! અંગ્રેજી ભાષા, વિશેષત: અમેરિકાવાળાએ મૉડર્ન ગણાવા અને નવો ટ્રેન્ડ ચાલુ કરવા આવા બહુ શબ્દો કાઢ્યા છે. બીમારીને ડિસીઝ નહીં કહેવાનો, કન્ડિશન કહેવાની. શું તેનાથી જે થયું છે તે બદલાઈ જવાનું છે? અને દર્દી



સાજો થઈ જવાનો છે?

આ જ રીતે તાજેતરમાં ગણેશ પૂજાના દિવસોમાં એક છોકરીની ગણેશજીની મૂર્તિ લઈ જવાતી હતી ત્યારે હાથમાં પ્લે કાર્ડ લઈને ઊભી હોય તેવી છબિ પ્રચલિત બની હતી. તે છોકરીએ પ્લે કાર્ડમાં લખ્યું હતું, "બાંઝન કો પુત્રી દે". હવે ગણેશજીની આરતીમાં એવું આવે છે કે : "બાંઝન કો પુત્ર દેત, નિર્ધન કો માયા'. 'પુત્ર' શબ્દ લિંગનિરપેક્ષ વપરાય છે. આ જ રીતે 'ગયો હતો, ગયો છું' જેવા ક્રિયાપદો પણ લિંગનિરપેક્ષ વપરાય છે. વ્યક્તિ અને માણસ શબ્દ પણ લિંગનિરપેક્ષ વપરાય છે. અર્થાત્ 'ગયો હતો, ગયો છું' એમાં 'ગઈ હતી, ગઈ છું' એ અર્થ અભિપ્રેત છે. સ્ત્રી માટે પણ 'ગયો હતો, ગયો છું' એમ સામાન્ય રીતે લંબાણ ટાળવા લખાય. આ જ રીતે વ્યક્તિ અને માણસ સ્ત્રી, પુરુષ અને ત્રીજી જાતિ બધા માટે લખાય છે.

> **ઉત્તર પ્રદેશની હીરલ શ્રીવાસ્તવે વડા પ્રધાન મોદીને માગણી કરી છે કે 'સ્ત્રી અને પ્રસૂતિ રોગ વિશેષજ્ઞ' લખાય છે તેના બદલે 'સ્ત્રી સ્વાસ્થ્ય વિશેષજ્ઞ' લખાવું જોઈએ. સ્ત્રી કોઈ રોગ નથી. અહીં વાત હીરલની ભાષાની સમજની કરવી જોઈએ**

હિન્દુ પૂજામાં પુરુષ સૂક્ત આવે છે અને દેવી સૂક્ત પણ છે. આનો અર્થ એ નથી કે 'પુરુષ' શબ્દ છે એટલે તે પુરુષ માટે જ છે અને 'દેવી સૂક્ત' છે તે સ્ત્રીઓ માટે જ છે. પુરુષ એ ઍક્સ અને વાય રંગસૂત્રવાળી વ્યક્તિ એટલે કે છોકરાઓ અને પુરુષો માટે તો વપરાય જ, પરંતુ સર્વોચ્ચ ચેતના માટે વપરાતો શબ્દ પણ છે. પુરુષ સૂક્ત સ્ત્રીઓ પણ કરી શકે અને પુરુષો પણ. આ જ રીતે દેવી સૂક્ત પુરુષો પણ કરી શકે અને સ્ત્રીઓ પણ.

યથાર્થમાં તો, સનાતન ધર્મ જ એક માત્ર એવો છે જેણે આત્માને જેન્ડરલેસ જોયો છે. પરમ શક્તિના બંને રૂપો ભગવાન અને ભગવતી જોયાં છે. અને ભગવાન પાછાં સ્ત્રી રૂપ પણ લે છે. (વિષ્ણુનું મોહિની સ્વરૂપ). અમદાવાદની સદુ માતાની પોળમાં પુરુષો સાડી પહેરીને ગરબા લે છે. તેની પાછળ દંતકથા જે હોય તે પરંતુ તેમાં પુરુષનું પુરુષત્વ તો કોરાણે મૂકાય જ છે ને. હમણાં નવરાત્રિ ગઈ તેમાં અલગ-અલગ દિવસે અલગ-અલગ માતાજીનાં રૂપોની આરાધના કરવામાં આવી. આ ભગવતીઓને રાક્ષસોના સંહાર માટે ભગવાન વિષ્ણુ, શિવજી, બ્રહ્માથી માંડીને દેવોએ શક્તિ અને પોતાનાં શસ્ત્રો, વાહનો આપ્યાં હતાં. રાક્ષસોના સંહાર કરવામાં ભગવાનને પણ ભગવતીની આરાધના કરવી પડી. શક્રાદય સ્તુતિ શું છે? પરંતુ કોઈ શક્રનો અર્થ ન જાણતું હોય તે એમ કહે તો કે શક્ર એટલે શુક્રનો અપભ્રંશ હશે તો કેટલું ખોટું અર્થઘટન થાય. આવા એક શબ્દ 'આર્ય'નો ખોટો અર્થ કાઢીને અંગ્રેજોએ આર્ય અને અનાર્ય એમ ઉત્તર-દક્ષિણ વચ્ચે ભેદ ઊભો કરવાની થિયરી સર્જી દીધી. આથી જ, ભારતીયોએ ભારતીય ભાષાઓ શીખવી જોઈએ, સમજવી જોઈએ.

# એક એવો જ્વાળામુખી જે ગમે ત્યારે ફાટી શકે છે!

દુનિયામાં અમુક એવા વિસ્તારો પણ છે જેની સુંદરતા અને ભયાનકતા એક સાથે જોવા મળે છે. જાપાનમાં આવેલો માઉન્ટ ફુજી જ્વાળામુખી તેનું ઉત્તમ ઉદાહરણ છે. મોટાભાગના જાપાનીઓ માને છે કે માઉન્ટ ફુજી સૌની માલિકીનું છે, પરંતુ તેનો અમુક ભાગ 3,360 મીટરની ઊંચાઈથી લઈને ટોચ સુધી ખાનગી જમીન છે. 8મા સ્ટેશનથી ઉપરનો ભાગ 'ફુજીસાન હોંગુ સેન્જેન તાઈશા'ની ખાનગી મિલકત છે, જે દેશભરમાં 1,300થી વધુ મંદિરોનું સંચાલન કરે છે. એડો યુગના શૉગુન ટોકુગાવા ઈયેયાસુએ 1606માં આ વિસ્તાર તેમને દાનમાં આપ્યો હતો.

આ ઉપરાંત, 1911માં માઉન્ટ ફુજી જાપાનનું પ્રથમ સ્કીઈંગ સ્થળ બન્યું હતું. આજે પણ જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન પર્વતની ટોચ પર આવેલા 'ઓકુમિયા શ્રાઈન' ખાતે લગ્ન સમારોહ યોજાય છે (જેમાં જગ્યાના અભાવે મહત્તમ 10 લોકોને મંજૂરી મળે છે). 1872 સુધી અહીં મહિલાઓના ચઢવા પર પ્રતિબંધ હતો, કારણ કે એવી માન્યતા હતી કે સુંદર સ્ત્રીઓથી દેવી કોનોહાના-સાકુયા-હિમે નારાજ થઈને જ્વાળામુખી વિસ્ફોટ કરાવી શકે છે.

> **1872 સુધી અહીં મહિલાઓના ચઢવા પર પ્રતિબંધ હતો, કારણ કે એવી માન્યતા હતી કે સુંદર સ્ત્રીઓથી દેવી કોનોહાના-સાકુયા-હિમે નારાજ થઈને જ્વાળામુખી વિસ્ફોટ કરાવી શકે છે!**

માઉન્ટ ફુજી ટેક્ટોનિક પ્રવૃત્તિના સક્રિય 'ટ્રિપલ જંકશન' પર આવેલું છે. તે 1,000 વર્ષથી વધુ સમયથી સક્રિય છે. છેલ્લો વિસ્ફોટ 16 ડિસેમ્બર, 1707ના રોજ થયો હતો જે 1 જાન્યુઆરી, 1708 સુધી ચાલ્યો હતો.

વિજ્ઞાન કે હવામાન ખાતા પાસે આ જ્વાળામુખી કયા ચોક્કસ દિવસે કે વર્ષે ફાટશે તેની તારીખ નથી. પરંતુ, જાપાન મેટોરોલોજિકલ એજન્સી મુજબઃ તે એક સક્રિય જ્વાળામુખી છે, જે ગમે ત્યારે ફાટી શકે છે.

જ્વાળામુખી ફાટવાના થોડા દિવસો કે અઠવાડિયા પહેલાં પર્વતના પેટાળમાં ભૂકંપના આંચકા, જમીનનું સતત ફૂલવું અને વાયુઓનું ઉત્સર્જન વધી જાય છે. JMA દ્વારા પર્વત પર મૂકાયેલા 24 કલાકના સેન્સર્સ દ્વારા આ આગોતરા સંકેતો પકડી શકાય છે, જેથી વિસ્ફોટ પહેલાં જ ચેતવણી આપી શકાય.

જો માઉન્ટ ફુજી ફાટે તો ટોક્યો સહિતના આસપાસના વિસ્તારોમાં મોટી અસર પડી શકે છે.



આ માટે જાપાન સરકારે નીચે મુજબની તૈયારીઓ કરી રાખી છેઃ

પર્વતની ચારેય તરફ સિસ્મોગ્રાફ્સ, જીપીએસ ટ્રેકર્સ, થર્મલ કેમેરા અને ગેસ સેન્સર્સ બેસાડવામાં આવ્યા છે. સુધારેલો 'હેઝાર્ડ મેપ' જાપાન સરકારે નવા વૈજ્ઞાનિક ડેટાના આધારે ઈવેક્યુએશન મેપ અપડેટ કર્યો છે, જેમાં લાવા અને રાખ ક્યાં સુધી પહોંચી શકે છે તેનું ચોક્કસ આંકલન કરાયું છે.

વિસ્ફોટથી થતી રાખના કારણે વીજળી ગુલ ન થાય, ટ્રેન સેવાઓ ન ખોરવાય અને પીવાનું પાણી દૂષિત ન થાય તે માટે ખાસ પાવર ગ્રીડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુરક્ષા માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.

પર્વતની આસપાસના નાગરિકો માટે નિયમિતપણે 'ઈમરજન્સી ડ્રિલ' યોજાય છે જેથી લોકોને ખબર પડે કે મુશ્કેલીના સમયે ક્યાં જવું.

જ્વાળામુખી ફાટવાના સંકેત મળતાં જ સરકાર નીચે મુજબના ઈમરજન્સી પગલાં લેશે :

જાપાન સરકારના રાષ્ટ્રીય 'J-Alert' સિસ્ટમ દ્વારા મોબાઈલ અને રેડિયો પર તાત્કાલિક મેસેજ મોકલાશે અને એલર્ટ 'લેવલ-૫' (સૌથી ઉચ્ચ જોખમ) લાગુ કરવામાં આવશે.

ટ્રાફિક જામ અટકાવવા માટે સરકારે નવી યોજના બનાવી છે, જે મુજબ નજીકના નાગરિકોને વાહનોને બદલે પગપાળા સુરક્ષિત સ્થળે પહોચવા સૂચના અપાશે, જેથી ઈમરજન્સી વાહનો સરળતાથી જઈ શકે. પ્રવાસીઓને સૌથી પહેલાં વિસ્તાર છોડવા જણાવાશે. પર્વત તરફ જતા હાઈવે, રેલવે અને ટોક્યો તરફની એરલાઈન્સ તાત્કાલિક બંધ કરવામાં આવશે.

બચાવ કાર્ય અને રાહત સામગ્રી પહોંચાડવા માટે જાપાની સેના અને ફાયર બ્રિગેડને તાત્કાલિક મેદાનમાં ઉતારવામાં આવશે. રસ્તાઓ અને એરપોર્ટ પર જમા થનારી રાખને દૂર કરવા માટે વિશિષ્ટ મશીનરી તૈનાત રાખવામાં આવી છે જેથી જીવનજરૂરી સેવાઓ ચાલુ રાખી શકાય.